ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૭ અંક : ૨૨૦ તા.૨૦-૦૫-૨૦૨૧ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

ભારતીય બજારો અત્યારે એકંદરે અનિર્ણાયકતાની સ્થિતિમાં

મંગળવાર અને બુધવારે ભારતીય બજારમાં લગભગ ૪૦૦ પોઈન્ટનો ઘટાડો સેન્સેક્ષમાં બંને દિવસ જોવાયો અને તે પછી શુક્રવારે અમેરિકન બજારો અને એશિયાઈ બજારો તેજીમાં હોવાને કારણે ભારતીય બજારો એક તબક્કે તો પોઝિટિવ ઝોનમાં ખૂલ્યા હતા પરંતુ તે પછી તરત જ બજાર રેડઝોનમાં ઊતરી ગયા. ભારતીય બજારો અત્યારે એકંદરે અનિર્ણાયકતા એટલે કે અંગ્રેજીમાં કન્ફયુઝનની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે અને અગાઉ દર્શાવ્યું તેમ નિફ્ટીના ૫૦માંથી લગભગ ૪૫ શેરોમાં મંદીના સંકેત હતા અને માંડ પાંચ શેરોમાં જ તેજીના સંકેત દેખાતા હતા પરંતુ શુક્રવારે સવારે તો નિફ્ટીના ૫૦ શેરોમાંથી માંડ એક કે બે શેરોમાં જ તેજીના સંકેત જોવાઈ રહ્યા છે અને આ પરિસ્થિતિ થોડીક જોખમી કહી શકાય. ભલે કોઈ ને કોઈ કારણોસર ભારતીય બજારો ગ્રીનઝોનમાં છે અને અત્યારના તબક્કે મીડકેપ શેરો અને સ્મોલકેપ શેરો બજારના શેરોને થોડો થોડો સપોર્ટ આપી રહ્યા છે પરંતુ બજારનો અન્ડરટોન અતિશય નબળો છે અને આ સંજોગોમાં બજાર ક્યારે ૫૦૦થી ૧૦૦૦ પોઈન્ટનું ગાબડું બતાવી દેશે તે ખબર પણ નહિ પડે.

ખેલાડીઓનું ફોકસ સિમેન્ટ શેરો ઉપર શિફ્ટ થતું જાય છે

બજારના આવા સેન્ટીમેન્ટ માટે વિવિધ કારણો આપી શકાય અને મુખ્ય કારણો કોરોના વાયરસના કેસ ખૂબ જ ઊંચા લેવલે ચાલી રહ્યા છે તે છે ભલે થોડીક આત્મસાંત્વના લઈ શકાય કે કોરોનાના કેસમાં ઘટાડો થયો છે અને કદાચ હોસ્પિટલ બેડ પણ ખાલી જોવા મળી રહ્યા છે પરંતુ સામે પક્ષે અત્યારે ગ્રામ્ય ભારતમાં હજારોની સંખ્યામાં લોકો મરી રહ્યા છે. ગ્રામ્ય ભારતમાં ટેસ્ટીંગ નહિવત છે અને મોટા ભાગના ગામડાઓમાં આરોગ્યની સુવિધા પણ ખૂબ જ ઓછી કહી શકાય. અસંખ્ય ગામડાઓમાં વિવિધ સરકારો દ્વારા આરોગ્ય સેન્ટરો ઊભા કરી દેવાયા છે પરંતુ આપણે જોઈએ છીએ કે તેમાં ક્યાં તો તાળા હોય છે અને ડોક્ટર અને નર્સની કોઈ સુવિધા ઉપલબ્ધ નથી હોતી અને જ્યાં આવી પરિસ્થિતિ હોય ત્યાં ટેસ્ટીંગ કેવી રીતે થઈ શકે. અસંખ્ય ગામડાઓમાં અત્યારે ૫૦ અને ૧૦૦ની સંખ્યામાં લોક મરી રહ્યા છે પરંતુ અખબારોમાં તેનો રિપોર્ટ કરવાની ક્ષમતા નથી કારણ કે મોટા ભાગના અખબારો અને ટીવી ચેનલોનો વ્યાપ નાના મોટા શહેરો પૂરતો જ સિમિત છે અને ભારતના લાખો ગામડાઓમાં શું બની રહ્યું છે તેનું ચિત્ર તેમણે આપી શકે તેમ નથી. પરંતુ જ્યારે ગંગામાં આટલી મોટી સંખ્યામાં મૃતદેહો તરતા જોવા મળે તે જ સ્પષ્ટ રીતે જોવા મળે છે કે અત્યારે લોકોને આ મૃતદેહને બાળવાની ક્ષમતા પણ નથી. એક કે બે મૃતદેહ હોય તો સ્વાવિક છે કે તેને અંતિમ સંસ્કાર આપે પરંતુ જ્યારે ૭૦થી ૮૦ મૃતદેહ મળી આવતા હોય ત્યારે પરિસ્થિતિ કેવી હશે અને ગ્રામજનો કેટલા નિસહાય થઈને આ મૃતદેહો ગંગામાં પધરાવી દેતા હશે તે વિચારવું રહ્યું.

ભાજપ તરફી વાચકોને આમાની એક પણ દલીલ ગળે નથી ઊતરવાની અને કદાચ એવું પણ કહેશે કે આ તો એક મજાક છે પરંતુ વાસ્તવિકતાને અવગણી ન શકાય અને આ પરિસ્થિતિને કારણે આ વખતે એફએમસીજી સેક્ટર અને સિમેન્ટ સેક્ટર જેને અત્યાર સુધી ગ્રામ્ય ભારતની માંગનો સપોર્ટ મળી રહ્યો હતો તેને અસર થવાનો ભય ખૂબ મોટો છે.

કોરોનાની સાથે સાથે અન્ય રોગ મયૂરમુકેશ કસાય પણ ખૂબ જ મોટા પ્રમાણમાં ફેલાઈ રહ્યો છે. અને તેમાં પણ મૃત્યુની સંખ્યા વધે તેવો ભય ઊભો થયો છે.

મહામારી સામેની રસી પૂરતા પ્રમાણમાં છે કે કેમ તે અંગે તમને અલગ અલગ ટીવી ચેનલો અને અખબારો તરફથી અલગ અલગ રિપોર્ટો મળશે પરંતુ પહેલા ૩૦ દિવસે રસીની વાત હતી અને પછી ૪૨ દિવસે કરાઈ અને હવે ૮૨ દિવસે બીજી રસીની વાત થઈ રહી છે અને તે પાછળ પૂરતા પ્રમાણમાં રસી ન હોવાનું કારણ નિષ્ણાતો દર્શાવી રહ્યા છે અને બીજી રસી થોડીક મોડી અપાય તો સિસ્ટમ ઉપરનો ભાર ઘટી શકે તે પણ એક મુખ્ય કારણ હોઈ શકે.

સતત લોકડાઉનને કારણે કોરોનાની ચેઈન કદાચ તૂટી શકશે પરંતુ તેને કારણે અસંખ્ય ધંધાઓની કમાણી ચોપટ થઈ ગઈ છે. લગભગ એક વર્ષથી અનેક દુકાનો બંધ છે. છેલ્લા ૧૨ મહિનામાં વચ્ચે ત્રણેક મહિના ધંધો કરવા મળ્યો પરંતુ ૧૨ મહિનાના ખર્ચા ત્રણ મહિના ધંધો કરવાથી ન નીકળે તે સમજાવાની જરૂર નથી અને આ પરિસ્થિતિ હોવાને કારણે અનેક વેપારીઓની આવક અને તેમની રોકાણની ક્ષમતા એકદમ ઘટી જવાની. સરકારમાં પણ જે મોટા પાયે ખરીદી થતી હતી તે પણ મર્યાદિત થઈ ગઈ છે અને તેને કારણે પણ અધિકારીઓની કમાણીને પણ અસર થઈ હોય તે સ્વાભાવિક છે અને આ બધા પાસાઓને કારણે અત્યાર સુધી ઉદ્યોગો પણ જે ધમધોકાર ચાલી રહ્યા હતા તેમને પણ અસર પડે તે એકદમ કોમન સેન્સની વાત છે. હીરોમોટો કોર્પ, રોયલ અનફિલ્ડ વગેરે કંપનીઓ મેન્ટેનન્સને નામે થોડા દિવસો ઉત્પાદન બંધ કરે તેનું કારણ સમજાવવાની જરૂર નથી. આમ વિવિધ કારણોસર અન્ડર નબળો છે અને તેવા સંજોગોમાં નીચા ભાવે મળતા સારા શેરો કેવળ પોતાના પૈસે લઈ શકાય અને તે માટે વ્યાજે પૈસા લાવીને કોઈ પણ પ્રકારની હિંમત ન કરવી ખૂબ જ સલાહભરેલ છે. સેન્ટીમેન્ટ ખરાબ છે ત્યારે જેમની પાસે રોકાણના પૂરતા પૈસા છે તેઓ ધીરે ધીરે એસઆઈપીની રીતે સારા સારા શેરો ભેગા કરી શકે કારણ કે આ સમય પણ પૂરો થઈ જશે અને તે પછી બજાર ચાલશે ત્યારે તેમને ફાયદો મળવાનો.

મેટલ સેક્ટર પછી હવે ખેલાડીઓનું ફોકસ સિમેન્ટ શેરો ઉપર શિફ્ટ થતું જાય છે અને માર્ચ ક્વાર્ટરની મોટા ભાગની સિમેન્ટ કંપનીઓના પરિણામો અપેક્ષા કરતા ઘણા જ સારા આવ્યા છે પરંતુ સામે પક્ષે સિમેન્ટમાં અત્યારે મુખ્યત્વે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની માંગ જ દેખાય છે. રીયલ એસ્ટેટમાં વેચાણો એકદમ ઠંડા છે અને સાથે સાથે ગ્રામ્ય ભારત અને વ્યક્તિગત રીપેરીંગ અને બાંધકામની માંગ પણ ખૂબ ઠંડી છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં ઘણા અઠવાડિયાથી બિલ્ડિંગ મટીરીયલની દુકાનો બંધ છે અને તેથી સ્વાભાવિક છે કે સિમેન્ટની માંગ તદ્દન ઠંડી હોય. આમ સિમેન્ટ સેક્ટરમાં પણ અન્ડરટોન નબળો છે પરંતુ અત્યારે સરકારની અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોની માંગ કંઈક સારી છે.

આગામી દિવસોમાં સિમેન્ટ સેક્ટરોમાં આ કારણોસર ધીમો સુધારો જોવા મળે તે સંભાવના મજબૂત છે.

છેલ્લા બે ક્વાર્ટર દરમ્યાન સિમેન્ટ કંપનીઓએ નફાશક્તિ સારી હોવાથી પોતાના દેવાના બોજામાં પણ ઘટાડો કર્યો છે અને તેનો ફાયદો પણ આગામી સમયગાળામાં જોઈ શકાશે.

દેશની ટોચની સિમેન્ટ કંપની **અલ્ટ્રાટેક સિમેન્ટ**નો શેર અત્યારે રૂ. ૬૩૫૦ ઉપર ચાલી રહ્યો છે. અલ્ટ્રાટેકમાં એકદમ શોર્ટટર્મ ટ્રેન્ડ ચોક્કસ નબળો છે અને આગામી દિવસોમાં આ શેર થોડો ઘટીને રૂ. ૬૩૦૦ની અંદર આવે તે સંભાવના મજબૂત છે. પરંતુ લોંગટર્મ એન્ગલથી આ કંપનીના શેરો ઘટતા બજારમાં ભેગા કરી શકાય કારણ કે આ કંપની પાસે ભાવ નક્કી કરવાની સોલિડ તાકાત છે. અને આ પરિસ્થિતિ હોવાથી તે નફાશક્તિ જાળવવા ભાવ વધારો કરી શકશે અને અન્ય નાની મોટી કંપનીઓ પણ તેને અનુસરવાની. આમ લોંગટર્મ એન્ગલથી શેર સારો છે પરંતુ શોર્ટટર્મ ટ્રેન્ડ નબળો છે તે પાસું ખાસ ધ્યાનમાં રાખવું.

બીજી તરફ પૂર્વ ભારતની **બિરલા કોર્પોરેશન**નો શેર અત્યારે શોર્ટટર્મ મજબૂત અપટ્રેન્ડમાં આગળ વધી રહ્યો છે. રૂ. ૧૦૦૬ના ભાવના આ શેરમાં આગામી દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂ. ૧૦૪૦ અને તે પછી રૂ. ૧૦૬૦નો ભાવ જોવા મળી જાય તેવી ગણતરી છે. અને તેથી તે શેર ઉપર ફોકસ કરી શકાય. માર્ચ ક્વાર્ટરનો નફાનો સપોર્ટ પણ આ કંપનીને સારો મળ્યો છે.

એસીસીમાં પણ અત્યારે શોર્ટટર્મ ટ્રેન્ડ નબળો છે. રૂ. ૧૮૭૫ના ભાવના આ શેરમાં થોડા દિવસો ટૂંકી વધઘટ અને કોન્સોલિડેશનમાં ભાવ જળવાઈ રહેવાની ગણતરી છે. જ્યારે આ ગ્રૂપની **અંબુજા સિમેન્ટ**ના શેરમાં પણ આગામી દિવસોમાં રૂ. ૩૦૬-૩૧૦ના ભાવે કોન્સોલિડેશનનો ટ્રેન્ડ જોવા મળે તેવી ગણતરી છે અને તેથી તે શેર પણ શોર્ટટર્મ રેન્જબાઉન્ડ રહેવાની ગણતરી છે.

ફન્ડામેન્ટલ એન્ગલથી **જે.કે. સિમેન્ટ**ના શેરમાં આકર્ષણ વધી રહ્યું છે. રૂ. ૨૭૮૬ વાળો શેર ધીરે ધીરે સુધરતો જાય તે સંભાવના મજબૂત. હજી થોડા દિવસો તેમાં કોન્સોલિડેશન જોવાવાની ગણતરી છે. કંપનીએ રૂ. ૭૦ની શેરદીઠ કમાણી હાંસલ કરી છે અને તેની સામે શેર અત્યારે ૩૯ના પીઈરેશિયો ઉપર છે.

બીજી તરફ **જેકે લક્ષ્મી સિમેન્ટ** ખરાબ બજારમાં પણ અત્યારે ધીરે ધીરે સુધરતો જાય છે. રૂ. ૪૧૬વાળા આ શેરમાં રૂ. ૨૮ની શેરદીઠ કમાણી અને ૧૪.૮૮નો પીઈરેશિયો ચાલી રહ્યો છે અને તે રીતે વેલ્યુએશન ખૂબ જ કિફાયતી કહી શકાય. નબળા બજારમાં પણ આ શેર ધીરે ધીરે ઊંચકાય તેમ સ્પષ્ટ રીતે દેખાય છે.

મંગલમ્ સિમેન્ટના શેરમાં પણ ધીરે ધીરે મજબૂતી જોવા મળવાની ગણતરી, છેલ્લા ૧૨ મહિનામાં રૂ. ૩૩ની શેરદીઠ કમાણી વાળો આ શેર ખરાબ બજારમાં પણ સુધરીને રૂ. ૨૯૨ ઉપર આવ્યો છે. માંડ ૮.૮૬નો પીઈ છે અને તે રીતે આ શેર આવતા થોડા દિવસોમાં ધીરે ધીરે વધીને રૂ. ૩૧૦-૩૨૦નું લેવલ કૂદાવી દેશે તેમ સ્પષ્ટ રીતે જોવાય છે.

પ્રીઝમ સિમેન્ટના શેરે છેલ્લા થોડા અઠવાડિયામાં ઘણું સારું રિટર્ન આપ્યું છે. બાવન અઠવાડિયામાં રૂ. ૩૯.૪૦ના બોટમથી વધીને પ્રીઝમ રૂ. ૧૪૦ ઉપર આવી ગયો છે. પ્રીઝમમાં માંડ ૯૫ પૈસાની શેરદીઠ કમાણી છે અને તે રીતે વેલ્યૂએશન ખૂબ જ મોટું કહી શકાય પરંતુ રાહેજા ગ્રૂપ ગમે ત્યારે આ કંપનીમાંથી નીકળી જાય તે પાસું હોવાથી આ શેર ઉપર ખેલાડીઓનું ફોકસ રહ્યું છે.

સાંઘી ઇન્ડસ્ટ્રીઝ અત્યારે રૂ. ૪૭ ઉપર ચાલે છે. અને તેમાં બુકવેલ્યૂ કરતા પણ ભાવ નીચો છે. કંપનીની કમાણીમાં નોંધપાત્ર સુધારો શરૂ થઈ ગયો છે. આગામી દિવસોમાં આ શેરમાં પણ ધીમા સુધારા સાથે રૂ. ૫૮-૬૦નો ભાવ જોવા મળી જવાની ગણતરી છે.

સૌરાષ્ટ્ર સિમેન્ટનો શેર રૂ. ૬૭-૬૮ ઉપર ચાલી રહ્યો છે અને કેવળ ૧૦નો પીઈરેશિયો છે. આ શેરમાં પણ રોકાણની રીતે થોડા થોડા શેરો ભેગા કરી શકાય અને રીરેટીંગ સાથે તેમાં રૂ. ૭૫-૭૮ના ભાવની સંભાવના મજબૂત છે.

શ્રી દિગ્વિજય સિમેન્ટમાં પણ આકર્ષણ વધી રહ્યું છે. અત્યારે રૂ. ૭૨.૯૫ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં એકદમ ધીમા સુધારા સાથે રૂ. ૮૫નો ભાવ જોવા મળી જવાની ગણતરી છે. શ્રી દિગ્વિજય અત્યારે ૧૮.૫૭ના પીઈરેશિયો ઉપર ચાલી રહ્યો છે અને તેમાં રીરેટીંગની જગ્યા મોટી છે.

શ્રી સિમેન્ટ ભારતની સૌથી કાર્યદક્ષ સિમેન્ટ કંપની તરીકે જાણીતી છે. અત્યારે રૂ. ૨૯૭૪૧ વાળા આ શેરમાં શોર્ટટર્મ નબળાઈનો તબક્કો છે અને તેથી આગામી દિવસોમાં આ શેર વધારે ઝડપથી ઘટીને રૂ. ૨૬૩૧૩ સુધી નીચો ઊતરી જવાની સંભાવના મજબૂત છે. ખેલાડીઓ આ શેરને તોડવાના તબક્કામાં આવી ગયા છે.

ઉત્તર પૂર્વીય ભારતમાં ખૂબ જ મજબૂત પોઝિશન ધરાવતી **સ્ટાર સિમેન્ટ**નો શેર અત્યારે રૂ. ૧૦૧ ઉપર છે અને તેમાં પણ ટૂંકી વધઘટનો ટ્રેન્ડ પડી રહેવાની સંભાવના છે. જ્યારે **ઉદેપુર સિમેન્ટ**ના શેરમાં કોઈ કસ નથી દેખાતો.

ઉત્તર ભારતની સિમેન્ટ કંપનીઓની સરખામણીમાં દક્ષિણ ભારતની સિમેન્ટ કંપનીઓની પોઝિશન કંઈક સારી કહી શકાય અને તેમાં રૂ. ૧૬૯૬ના ભાવની **દાલમિયા ભારત**નો શેર ખાસ ધ્યાન ખેંચે છે. કમાણીની દૃષ્ટિએ જોઈએ તો આ શેરમાં કેવળ રૂ. ૧.૩૪ની શેરદીઠ કમાણી મળી છે અને તે રીતે લગભગ ૧૨૭૨નો પીઈરેશિયો છે પરંતુ તે પાસાને અવગણીને દાલમિયા ભારતનો શેર ધ્યાનમાં રખાય. જ્યારે **અંજલિ પોર્ટલેન્ડ**ના શેરમાં લાંબો કસ નથી અને તેમાં ટૂંકી વધઘટ ઉપર જ ભાવ જળવાઈ રહેવાની સંભાવના મજબૂત છે. દક્ષિણ ભારતની અન્ય સિમેન્ટ કંપની **ડેક્કન સિમેન્ટ**માં અત્યારે રૂ. ૪૪૮નો ભાવ છે અને તેમાં આવતા બે મહિના દરમ્યાન સુંદર રિટર્નની જગ્યા છે. ભાવ ધીરે ધીરે વધીને રૂ. ૪૬૨ અને તે પછી રૂ. ૪૭૨ ટચ થવાની ગણતરી છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

ઇન્ડિયા સિમેન્ટના શેરમાં પણ અત્યારે થોડો સુધારો શરૂ થયો છે. લગભગ એક મહિના સુધી ૧૬૫ની આસપાસ કોન્સોલિડેશન બતાવ્યા પછી આ શેરે તેજીતરફી બ્રેકઆઉટ બતાવ્યું છે અને જો આ ટ્રેન્ડ ચાલુ રહ્યો તો ાવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂ. ૧૮૨-૧૯૨નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

પૂર્વ ભારતની **ઓરીએન્ટ સિમેન્ટ**નું ભાવિ પણ ઘણું જ સારું છે. સી.કે. બિરલા ગ્રૂપની ઓરીએન્ટ સિમેન્ટ અત્યારે ફક્ત રૂ. ૧૧૬ ઉપર મળી રહ્યો છે અને તેમાં પણ અપટ્રેન્ડના સંકેત મજબૂત છે. આવતા થોડા દિવસોમાં રૂ. ૧૨૮ અને તે પછી રૂ. ૧૩૩નો ભાવ જોવા મળી જાય તો નવાઈ નહિ લાગે.

ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ
staffavailable.com
ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો
તદ્દન ફ્રી
staffavailable.com

ડે-ટ્રેડીંગમાં કેવી રીતે કમાવાય ?

ખૂબ જ ઓછા મૂડીરોકાણથી સારું કમાઈ લેવા માટે શેરબજારના લગભગ ૫૦ ટકા સોદાઓ ડે-ટ્રેડીંગના થાય છે અને ડે-ટ્રેડીંગમાં કેવી રીતે શેર પસંદ કરવો અને ક્યારે તેમાં એન્ટ્રી લેવી તે અંગેની વિસ્તૃત સમજ આપતું આ અંગ્રેજી પુસ્તક છે. અને અમારા દ્વારા રૂ. ૨૯૫ની મૂળ કિંમતનું આ પુસ્તક ખાસ ડિસ્કાઉન્ટ કિંમતમાં ઓફર થયું છે. રૂ. ૨૯૫-૨૫ = રૂ. ૨૭૦

ઓનલાઇન ખરીદો GyanPothi.com



શેરબજારનું ટેકનિકલ એનાલિસીસ સમજો

ચાણક્યના દર અંકમાં ચાર્ટ એનાલિસીસ આપીએ છીએ. આ એનાલિસીસ સમજવા ડો. હર્ષદ કામદાર લિખિત એક ગુજરાતી પુસ્તક રસપ્રદ છે. ડો. હર્ષદ કામદાર દ્વારા સરળ ભાષામાં ચાર્ટ એનાલિસીસની સમજ આપી છે. આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ રૂ. ૧૫ ડિસ્કાઉન્ટ રૂ. ૧૨૦-૧૫ = રૂ. ૧૦૫



ધ ઇન્ટેલિજન્ટ ઇન્વેસ્ટર

આ પુસ્તક અત્યારે અંગ્રેજી અને હિન્દીમાં ઉપલબ્ધ છે પરંતુ આ પુસ્તકને શેરબજારના બાઈબલ તરીકે વિશ્વભરમાં ઓળખવામાં આવે છે અને શેરબજાર અંગે કશું પણ શીખવા માંગતા ઇન્વેસ્ટરે આ પુસ્તક ભલે વાંચો નહિ પરંતુ દરરોજ રાત્રે માથા નીચે મૂકીને સૂઈ જવા માટે યોગ્ય કહી શકાય.



બેન્જામિન ગ્રેહામ દ્વારા લખાયેલા આ પુસ્તકનો વિસ્તૃત અભ્યાસ વિશ્વના સૌથી ધનાઢ્ય ઇન્વેસ્ટર વોરેન બફેટ દ્વારા કરવામાં આવ્યો હતો અને આ પુસ્તકની એકેએક સલાહ વોરન બફેટે તેમના જીવનમાં અપનાવી છે અને કદાચ તેને કારણે તેઓ જોરદાર સફળ થયા.

આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ કિંમત રૂ. ૭૯૯ રૂ. ૭૫૦

ઓનલાઇન ખરીદો GyanPothi.com
GooglePay ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે
પેટીએમ ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે

REDEX PROTECH LIMITED

CIN - L45100GJ1991PLC016557

Regd. Office: 1ST FLOOR,CORPORATE HOUSE NO3,PARSHWANATH BUSINESS PARK,BH. PRAHLADNAGAR GARDEN,S.G.HIGHWAY, AHMEDABAD GJ 380014

EXTRACT FROM THE STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON 31.03.2021

(Rs. in Lacs)

Sr. no	PARTICULARS	Quarter ended on 31st March, 2021	For the year ended on 31st March, 2021	Corresponding 3 Months Ended on 31st March, 2020	For the previous year ended on 31st March, 2020
1	Total income from operations	8.27	26.93	65.99	90.75
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	-0.82	-3.74	53.48	53.71
3	Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items)	-0.82	-3.74	53.48	53.71
4	Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items)	-0.83	-6.08	40.36	40.74
5	Total Comprehensive Income for the period [Comprising Profit/ (loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)]	-0.83	-6.08	40.36	40.74
6	Equity Share Capital	672.12	672.12	672.12	672.12
7	Reserves (excluding Revaluation Reserve as shown in the Audited Balance Sheet of Previous Year	-	-128.24	-	- 122.16
8	Earnings Per Share (of Rs. 10 / - each) (for continuing and discontinued operations)				
	Basic :	-0.01	-0.09	0.60	0.61
	Diluted :	-0.01	-0.09	0.60	0.61

Notes:
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full Format of the financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company website (www.redexprotech.com)
2. The result of the Quarter ended on 31st March, 2021 were reviewed by the Audit Committee and approved by the Board of Director at its meeting held on 19th May, 2021 .

By Order of the Board of Directors
For, Redex Protech Limited
SD/-
Mr. Gnanesh Bhagat
Managing Director
DIN - 00115076

Place : Ahmedabad
Date : 19/05/2021

ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, બજારનો અન્ડરટોન અનિશ્ચિતતાનો અને તેથી સેન્સેક્ષ-નિફ્ટીમાં એક દિવસ અચાનક ઉછાળો અને બીજા દિવસે અચાનક ઘટાડો જોવાય અને સ્પષ્ટ ટ્રેન્ડ નક્કી થતા હજી થોડીક સેશન લાગી જશે ત્યાં સુધી મીડકેપ શેરો ઉપર ખેલાડીઓનું ફોકસ અને તેમાં પણ ભારોભાર અનિશ્ચિતતા. થોડા દિવસો મીડકેપના એક પાંચ શેર પકડશે અને પછી બીજા પાંચ શેર ઉપર ફોકસ શિફ્ટ કરી દેવાશે.
- **ડો. રેડ્ડીઝ લેબ**, અનિશ્ચિતતા વચ્ચે આ શેરમાં ઘણી વધારે નિશ્ચિતતા, રશિયાની રસીનું ઉત્પાદન ટૂંક સમયમાં જ શરૂ થવાની તૈયારી અને તેને કારણે વેચાણો અને નફાનો એક નવો પ્રવાહ ઉમેરાશે, રૂ. ૫૩૦૧ના ભાવે ધ્યાનમાં રખાય અને આવતા થોડા દિવસોમાં રૂ. ૫૬૦૦ના ભાવની ગણતરી, થોડાક શેરો લઈને મૂકી દેવાય.
- **સિપ્લા**, આ કંપની દ્વારા પણ અમેરિકન ફાર્મા કંપની સાથે જોડાણ, નફાશક્તિ વધશે, એમ પણ સિપ્લાની દવાઓ અત્યારે કોરોના મહામારીની ટ્રીટમેન્ટમાં મોટા પાયે વપરાય છે, જોરદાર માંગ, રૂ. ૮૯૯ના ભાવે થોડાક શેરો લઈને મૂકી દેવાય, મજબૂત ઉછાળા સાથે રૂ. ૯૩૦ના ભાવની ગણતરી.
- **હિન્ડાલ્કો**, ત્રણેય ઉપખંડોના પ્લાન્ટની કામગીરી જોરદાર, એલ્યુમિનિયમમાં અત્યારે ભારોભાર તેજી, રૂ. ૩૯૮ના ભાવે થોડા થોડા શેરો ભેગા કરતા જજો, આવતા થોડા અઠવાડિયામાં રૂ. ૪૨૮ તરફ ભાવ આગળ વધવાની ગણતરી.
- **તાતા સ્ટીલ**, ઝડપથી રૂ. ૧૨૪૬નું લેવલ ટચ કર્યા પછી થોડુંક પ્રોફિટ બુકીંગ આવે તે સ્વાભાવિક છે. રૂ. ૧૧૭૦ આસપાસ થોડા દિવસો વધઘટ બતાવ્યા પછી તેજીની કૂચ આગળ વધારશે, ફન્ડામેન્ટલ એન્ગલથી આ શેરમાં રૂ. ૧૪૦૦ આસપાસનો ભાવ કોઈ કહે તો નવાઈ નહિ લાગે અને ચાણક્યમાં ભવિષ્ય માટે રૂ. ૨૦૦૦નો ભાવ આ શેર માટે દર્શાવાય તો પણ આંખ ફાડી નાખવાની જરૂર નથી, અતિશય જોરદાર ફન્ડામેન્ટલ, સુંદર રિટર્ન અત્યારના ભાવથી પણ મળે.
- **જેએસડબલ્યુ સ્ટીલ**, કરેકશન પછી નવી તેજી માટે તૈયાર, થોડા દિવસો રૂ. ૭૦૭ આસપાસ અથડાયા કરે અને તે પછી ઝડપથી રૂ. ૭૭૦ તરફ આગળ વધવાની ગણતરી.
- **ઓએનજીસી**, ઘણા વર્ષો સુધી ઠંડો રહ્યા પછી આ શેરમાં કરંટ, લોકડાઉનની મધ્યમાં રૂ. ૯૩-૯૮ના ભાવે ભેગા કરવાની વાત કરી હતી. અત્યારે રૂ. ૧૧૫ ઉપર આવ્યો છે. લગભગ ૧૦૦ ટકા રિટર્ન તો આપી દીધું, જાળવી રાખજો, આગામી દિવસોમાં ધીમે ધીમે રૂ. ૧૨૫ અને તે પછી રૂ. ૧૩૫નો ભાવ જોવા મળે.
- **યુનાઇટેડ ફોસ્ફરસ**, ભારતમાં આ વર્ષે પણ ચોમાસું જોરદાર થવાનું અને તે પાછળ એગ્રો કેમિકલ્સ અને પેસ્ટીસાઈડની માંગમાં ઉછાળો, પરંતુ મુખ્ય તેજી યુરોપ ખાતેના વેચાણોને લીધે છે. યૂરોપિયન માર્કેટમાં જોરદાર નિકાસ, નફો સારો આવશે, રૂ. ૬૯૧ના ભાવે થોડાક શેર લઈને મૂકી શકાય. આંકડાની અદલાબદલી થવાની, અત્યારથી રૂ. ૯૧૬નો ભાવ જોવાશે તેમ કહેવું થોડુંક વધારે પડતું, પરંતુ નજીકના દિવસોમાં રૂ. ૭૩૦ના ભાવની સંભાવના મજબૂત.
- **ડિવીસ લેબોરેટરી**, રૂ. ૪૦૬૧ના ભાવે ધ્યાનમાં રાખવો, આ ફાર્મા શેરમાં પણ આકર્ષણ, આવતા થોડા દિવસોમાં ધીરે ધીરે વધીને રૂ. ૪૧૬૧નો ભાવ જોવા મળે તો નવાઈ નહિ લાગે.
- **આઈસીઆઈસીઆઈ બેંક**, નફાશક્તિ સુંદર છે અને નેગેટીવ કારણો દૂર થયા, અત્યારે રૂ. ૫૯૪ના ભાવે આ શેરમાં એસઆઈપીને રીતે હોલ્ડિંગ વધારતા જવાય, ધીમા સુધારા સાથે રૂ. ૬૨૦નો ભાવ જોવા મળવાની ગણતરી.
- **સ્ટેટ બેંક**, કામગીરીમાં લાંબો સુધારો નથી, પરંતુ ખેલાડીઓનું ફોકસ હવે તેજીતરફી થઈ રહ્યું છે. રૂ. ૩૬૮ના ભાવે થોડાક શેરો લઈને મૂકી શકાય અને આગામી દિવસોમાં ધીમા સુધારા સાથે રૂ. ૪૦૦ પ્લસનો ભાવ બતાવે તો નવાઈ નહિ લાગે.
- **ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન**, પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ચૂંટણી પછી સતત ઉછાળો, પ્રજા ભલે રાડારાડ કરે પરંતુ ઇન્ડિયન ઓઈલને લીલાલહેર, નફો સારો આવશે, રૂ. ૧૦૩ના ભાવે થોડાક શેરો લઈને મૂકી શકાય અને ધીરે ધીરે રૂ. ૧૧૩ના ભાવની ગણતરી.
- **બલરામપુર ચીની,** છેલ્લા ત્રણ અંકથી લેવડાવીએ છીએ. દેશની સૌથી મોટી ખાંડ કંપની અને આ વર્ષ ખાંડ કંપનીઓ માટે સારું, ખાંડની માંગમાં અને કિંમતોમાં સુંદર ઉછાળો, શેર વધીને રૂ. ૨૫૭ ઉપર આવી ગયો અને આવતા થોડા દિવસોમાં રૂ. ૨૭૭ના ભાવની ગણતરી.
- **દાલમિયા સુગર,** આ શેર પણ છેલ્લા ત્રણ-ચાર અંકથી લેવડાવીએ છીએ. વધીને રૂ. ૨૧૪ ઉપર આવ્યો છે. બેલેન્સશીટ મજબૂત, આગામી દિવસોમાં આ શેરમાં સુંદર ઉછાળા સાથે રૂ. ૨૩૪નો ભાવ જોવા મળે.
- **આ ઈ ર ા ી આ ઈ ર ા ી આ ઈ સિક્યોરિટીઝ,** ઓનલાઈન સ્ટોક માર્કેટ ટ્રેડિંગનું આ કંપનીનું સૌથી મોટું કામકાજ, લોકડાઉનને કારણે લોકો ઘરે બેઠા જ શેરોની લે-વેચ અને રોકાણ કરશે. આ કંપનીના બિઝનેસમાં સુંદર ઉછાળો જોવા મળે. આઈપીઓ દ્વારા પણ મોટી આવક મેળવી છે. માર્ચ ક્વાર્ટરમાં સુંદર નફો બતાવે. ઘણા સમયથી જાળવી રાખવાનું કહીએ છીએ. અત્યારે રૂ. ૪૧૨માં મળી રહ્યો છે. બે વર્ષની ગણતરીએ એસઆઈપીની રીતે ભેગા કરતા જજો.
- **દ્વારિકેશ સુગર,** ખાંડ ઉદ્યોગની જૂની કંપની, ફક્ત રૂ. ૩૩ના ભાવે મળી રહ્યો છે. નફો સારો આવશે, રૂ. ૫ ક્યાં વધી જશે ખબર પણ નહિ પડે.
- **ટીન પ્લેટ,** તાતાની કંપની અને ટીનના ઉત્પાદનમાં ટોચનું નામ, સ્ટેનલેસ સ્ટીલના ઉત્પાદનમાં માંગ ખૂબ જ ઝડપથી વધે, નફો સુંદર આવશે, રૂ. ૧૭૪ના ભાવે ખોટો નથી. થોડાક શેરો લઈને મૂકી શકાય.